ગાંધીનગર સમાચાર

ત્રિદિવસીય ગુણોત્સવ સંપન્ન થતાં શિક્ષણતંત્રએ હાશકારો અનુભવ્યો

# નોટબંધીની અસરો અને પરિસ્થિતિની સમીક્ષા માટે ચુનંદા મંત્રીઓને જવાબદારી

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતમાં નોટબંધીની અસરો અંગે રાજ્ય સરકારે પરિસ્થિતિનો અભ્યાસ કરવા માટે કેટલાક ચુનંદા મંત્રીઓને વિશેષ જવાબદારી સોંપી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ મંત્રીઓ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં જઈ અને સંગઠનના અપેક્ષિત આગેવાનો સાથે બેઠક કરી પરિસ્થિતિનો અભ્યાસ કરશે.

બે થી ત્રણ જિલ્લામાં આવી બેઠકો સંપન્ન થઈ ગયાનું પણ રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે. મળતા સંકેતો મુજબ હજુ પણ ગ્રામ્ય વિસ્તારમાં નોટબંધીની અસરોમાં કોઈ ફેરફાર જણાયો નહિ હોવાની રજુઆતો મળતાં સરકાર ચોંકી ઉઠી છે.

સૌરાષ્ટ્રમાં ખાસ કરીને પરિસ્થિતિ હળવી થઈ નથી અને ખેડૂતોમાં જે રીતે રોષ બહાર આવી રહ્યો છે તેને લઈ સરકાર ચિંતીત બની છે અને આગામી સપ્તાહમાં આ મુદ્દે કેન્દ્ર સરકાર સાથે પણ વાત કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

રાજકીય વર્તુળોમાંથી એવા પણ સંકેતો મળી રહ્યા છે કે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ આ સપ્તાહના આરંભે દિલ્હી ગયા ત્યારે પણ નોટબંધીની અસરો અંગેની સ્થિતિને ચકાસવા માટે પ્રધાનમંત્રીએ સૂચન કર્યુ હતુ.

નોટબંધી પછી ગ્રામીણ વિસ્તારોમાં સ્થિતિ હળવી બને તે માટેના પ્રયાસો ચાલુ છે બીજી તરફ નોટબંધી બાદ હજુ ગ્રામ્ય વિસ્તારના એ.ટી.એમ. મશીનો લગભગ બંધ હાલતમાં છે. તે ઝડપથી કાર્યરત થાય તેના પર પણ અપેક્ષિત આગેવાનોએ આગ્રહ કર્યો છે.

નોટબંધીનો મુદ્દો હવે રાજકીય ખેંચતાણનો મુદ્દો બની જતાં ભાજપ હાલ રક્ષણાત્મક રીતે આગળ વધી રહેલ છે.

નોટબંધીની અસરો જો કે શહેરી અને સેમી અર્બન એરિયામાં સાનુકૂળ જોવા મળી રહી છે. આ ઉપરાંત ઈ.પેમેન્ટ માટે પણ લોકજાગૃતિનું અભિયાન જે ચલાવાયુ હતુ તેને સારો પ્રતિસાદ મળ્યો હોવાનું પણ રાજકીય સૂત્રોએ કબુલ્યુ છે.

# શહેરના ખ-માર્ગને સિકસલેન બનાવવાની કામગીરી અપૂર્ણ જ રહી

**વધુ ૨ કરોડનો ખર્ચ મંજુર કરવા દરખાસ્ત : ખ-૬ થી ખ-૭ વચ્ચે કામ બાકી વાઈબ્રન્ટને અનુલક્ષી ઝડપભેર ખ-૬ સુધી કામગીરી પુર્ણ કરી દેવાઈ**

ગાંધીનગર તા ૧૮

શહેરના ખ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી હજુ અપુર્ણ છે. અલબત્ત ખ માર્ગનુ કામ હાલ ખ -૦ થી ખ-૬ સુધી પુર્ણ કરી દેવાયુ છે. જયારે આગળ ખ-૭ સુધી માર્ગને સિકસલેન બનાવવા માટે તંત્ર દ્વારા વધુ ખર્ચને મંજુરી આપવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ કામગીરી માટે અંદાજિત રૂ ૨ કરોડનો ખર્ચ થાય તેમ છે.

નગરના ખ માર્ગને સિકસલેન બનાવાનુ મોટાભાગનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી માર્ગના કામને ઝડપથી પુર્ણ કરવા માટે તંત્ર દ્વારા યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી. જો કે ખ માર્ગના પ્રોજેકટને અનુલક્ષી શરૂઆતના તબક્કે અત્યંત મંદ કામગીરી ચાલતા એક તબક્કે કામ અટવાયુ હતુ. જયારે તંત્ર દ્વારા જવાબદાર એજન્સીને નોટિસ પણ આપવામાં આવી હતી. બીજીતરફ વાઈબ્રન્ટ સમિટ નજીકમાં આવતા તંત્ર માટે ખ માર્ગનો પ્રોજેકટ ચિંતાનો વિષય બની ગયો હતો. મહાત્મા મંદિર સાથે જોડાયેલા આ માર્ગ પર વી વી આઈ પી મહાનુભાવોની અવરજવર વિશેષ રહેતી હોવાના લીધે વાઈબ્રન્ટ સમિટ પુર્વે ખ- ૬ સુધીનુ કામ પુર્ણ કરવા માટે યુધ્ધના ધોરણે કામ હાથ ધરાયુ હતુ. વાઈબ્રન્ટ સમિટ પુર્વેઆ કામગીરી પુર્ણ કરી દેવામાં આવી હતી.

ખ માર્ગને સિકસલેન બનાવવા માટે અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે ખ માર્ગ પર સ્થિત નાળા પહોળા કરવા માટે પણ વધારાના રૂ ૪૫ લાખ ખર્ચાયા છે. જો કે હજુ ખ માર્ગની કામગીરી બાકી છે. ખ-૬ થી ખ-૭ સુધી માર્ગને સિકસલેન બનાવાનુ કામ હાથ ધરવા માટે વધુ ખર્ચ થાય તેમ છે. જેથી વધારાના ખર્ચને મંજુરી આપવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.

# મુખ્ય માર્ગોને ચકાચક બનાવવા માટે કરોડોનો ખર્ચ

**આંતરિક માર્ગો પર મોટામસ ગાબડા નાગરિકો ત્રસ્ત : વાઈબ્રન્ટ સમિટમાં મહાનુભાવોના ઓવારણા લેવા માટે બ્યુટિફિકેશન પાછળ તોતિંગ ખર્ચ કરાયો પરંતુ જોખમી બનતા સેકટરોના આંતરિક માર્ગો હજુ કંગાળ હાલતમાં**

ગાંધીનગર તા ૧૮

શહેરમાં વિવિધ માર્ગોના બ્યુટિફિકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ માર્ગોની સુંદરતા વધારવા તેમજ વોકવે ના રીપેરીંગ પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ સેકટરોના આંતરિક માર્ગોનુ હજુ પણ ઠેકાણુ પડ્યુ નથી. નવા સેકટરોમાં આંતરિક રોડ નેટવર્ક માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી બન્યુ છે. છતા માર્ગો નવિનીકરણના કામો ત્વરિત હાથ ધરવા માટે કોઈ ગતિવિધિઓ હાથ ધરાતી નથી.

શહેરમાં રોડ નેટવર્કની જાળવણી પાછળ કરોડો રૂપિયનો ખર્ચ કરવામાં આવે છે. જયારે મુખ્ય માર્ગોની તંદુરસ્તી જાળવવા પણ સમયાંતરે કામ હાથ ધરવામાં આવે છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી હમણાં જ માર્ગોને ચકાચક બનાવવા ઉપરાંત બ્યુટિફિકેશન પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. મહાનુભાવોને આવકારવા માટે મુખ્ય માર્ગો ઉપરાંત નિયત રૂટની સજાવટ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે સેકટરોના આંતરિક વિસ્તારો લાંબા સમયથી દુવિધાઓથી ઘેરાયેલા છે. સેકટરોના આંતરિક માર્ગો પર સ્ટ્રીટ લાઈટના પોલ્સ પણ કટાયેલી હાલતમાં છે. જયારે આંતરિક માર્ગો પણ ઉબડ ખાબડ બન્યા છે. સે-૩ થી ૫ માં માર્ગોની હાલત એટલી બધી હદે બદત્તર બની છે કે વાહનચાલકો ઉબડખાબડ માર્ગને લીધે અકસ્માતનો ભોગ બને છે. સેકટરોનુ આતંરિક રોડ નેટવર્ક આમ નાગરિકો માટે પરેશાનીનુ કારણ બન્યુ છે. થોડા સમય અગાઉ કોર્પોરેશન દ્વારા સે-૧ અને ૨ ના માર્ગોના નવિનીકરણ માટે રકમ ફાળવવામાં આવી છે. જો કે આ કામ હજુ સુધી શરૂ થયુ નથી. પરંતુ સે-૩ થી -૫ના આંતરિક માર્ગો માટે તંત્ર દ્વારા વિભાગની સમક્ષ રજુ કરાયેલી દરખાસ્ત હજુ પણ યથાવત છે. સેકટરોના આંતરિક માર્ગોની દશા ખરાબ છે. ત્યારે ચુંટાયેલા નગર સેવકો પણ આમ નાગરિકોની દુવિધા નિવારવા માટે નિરસતા સેવી રહયા છે. બીજીતરફ સરકારી તંત્ર પણ વાઈબ્રન્ટનો થાક ઉતારવાના મુડમાં છે. નગરના ધારાસભ્ય તેમજ મેયર પણ માળખાગત સુવિધાના કામોના મામલે સ્થાનિક નાગરિકોને પડતી હાલાકી તરફ ધ્યાન કેન્દ્રીત કરે તેવો સુર ઉઠવા પામ્યો છે.


શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.


# વિધાનસભાનું બજેટ સત્ર ૨૦મી ફેબ્રુઆરીથી

**નવા નિયમો મુજબ બજેટ ગૃહમાં રજુ થશે : રાજ્યપાલના સંબોધન સાથે ગૃહનો પ્રારંભ થશે**

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત વિધાનસભાનું અંદાજ પત્ર સત્ર ૨૦મી ફેબ્રુઆરીથી શરૂ થશે.

આજે રાજ્યમંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના રાજ્યપાલ ઓ.પી. કોહલીના સંબોધનથી આ સત્રનો પ્રારંભ થશે.

વિધાનસભાનુ આ અંદાજપત્ર સત્ર મહત્વનું એટલા માટે બની રહેશે કે આ વર્ષે રાજ્ય વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ પણ ડિસેમ્બરમાં યોજાવાની છે. વિધાનસભા સત્રમાં સરકાર કેન્દ્ર સરકારના બજેટ પછી રજુ કરશે.

નવા સુધારેલ અંદાજપત્રના નિયમો મુજબ નોન પ્લાન અને પ્લાનની રકમો અલગ અલગ નહિ પણ એક જ કોલમમાં દર્શાવવામાં આવશે.

વિધાનસભાના આ અંદાજપત્ર સત્રમાં સરકાર દ્વારા બે થી ત્રણ સરકારી વિધયેકો પણ રજુ કરવામાં આવનાર હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

વિધાનસભાના સત્રને ધ્યાને રાખી સરકારે આજે ફિક્સ પગારના કર્મચારીઓની નીતિ વિષયક ઘોષણા પણ કરી દીધી છે.



## કડી કેમ્પસમાં રાષ્ટ્રભાવના અને દેશ પ્રેમ છલક્યો

કરભલા હોગા ભલાના સુત્રને ચરિતાર્થ કરવાના ઉમદા અભિગમ સાથે કાર્યરત કડી સર્વ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ મળી રહે તે માટે વ્યવસ્થાપક મંડળ દ્વારા જરૂરી તમામ પ્રયાસો કરવામાં આવે છે. જયારે સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં આંતરિક શક્તિ નિખરે તે માટે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથે દેશપ્રેમની ભાવના પણ વધુ મજબુત બને તેવા આશય સાથે સંસ્થા દ્વારા બુધવારે ફલેગ ડે ની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. કડી સર્વ વિદ્યાલય મંડળ સંચાલિત સે-૨૩ ભોળાભાઈ પટેલ કોલેજમાં હાલ વિવિધ ડે ઝની ઉજવણી કરવામાં આવી રહી છે. આ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા આગામી પ્રજાસત્તાક દિનને ધ્યાને લઈ ફલેગ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના ૭૪૫ વિદ્યાર્થીઓ દ્વારા ગ્રીન , ઓરેન્જ અને વ્હાઈટ કલર કોડ સાથે ડ્રેસીંગ કરીને હાથમાં બલુન સાથે રાષ્ટ્રીય ધ્વજની અદભુત પ્રતિકૃતિ તૈયાર કરી હતી. જેમાં વાદળી રંગના વસ્ત્રોમાં સજ્જ વિદ્યાર્થીઓએ વચ્ચેના ભાગમાં અશોક ચક્રની પ્રતિકૃતિ પણ દર્શાવી સૌ ના દિલ જીતી લીધા હતા. અનોખી રાષ્ટ્રભાવના અને દેશ પ્રેમની ભીનાશ સાથે વિદ્યાર્થીઓએ રજુ કરેલી રાષ્ટ્રધ્વજના ફોર્મેશનને નિહાળી ઉપસ્થિત સૌ કોઈ દંગ રહી ગયા હતા. આ દરમિયાન રાષ્ટ્રગાન પણ રજુ કરવામાં આવ્યુ હતુ. હાલ કોલેજમાં સ્પોર્ટસ વીકની ઉજવણી અન્વયે પણ આગામી શનિવારે ફાઈનલ યોજાશે.

# પાણી સમિતિની રચના અંગે આજે માણસા-ગાંધીનગરના સરપંચોની બેઠક

**માણસા-ગાંધીનગરમાં વૉટર બજેટીંગ અમલી બનાવાશે**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર અને માણસા તાલુકાના નવા ચૂંટાયેલા સરપંચો પાણી સમિતિની રચના અંગેની જાણકારી અને સમજ આપવા માટે વાસ્મો દ્વારા આજે બે અલગ અલગ વર્કશોપ યોજવામાં આવેલ છે.

માણસા તાલુકા પંચાયત ખાતે અને ગાંધીનગર તાલુકા પંચાયત ખાતે આ વર્કશોપ યોજવામાં આવનાર છે. આ વર્કશોપમાં પાણી સમિતિમાં મહિલાઓની ભાગીદારી વધે તે માટે પણ ખાસ ભાર મુકવામાં આવશે.

આ વર્કશોપમાં જળ વ્યવસ્થાપન અંગેની પદ્ધતિઓ અને ગુણવત્તા સંદર્ભે પણ વિશેષ વિગતો આપવામાં આવનાર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગુજરાત સરકારે માણસા, દહેગામ અને મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં વૉટર બજેટીંગ સિસ્ટમ અમલમાં લાવવા માટે પ્રયોગાત્મક કાર્યક્રમ હાથ ધરવાનો જે નિર્ણય કરેલ છે તેની પણ સમજ નવનિયુક્ત સરપંચોને આપવામાં આવનાર છે. બે તાલુકાના આજના વર્કશોપ બાદ અન્ય બે તાલુકામાં પણ આવા જ વર્કશોપનું આયોજન કરવામાં આવશે તેમ પણ સત્તાવાર સાધનોએ જણાવ્યુ છે.

# મનપાનો સેવાસેતુ ૨૧મી જાન્યુઆરીએ યોજાશે

**વોર્ડ-૨ અને ૩ માટેના આ સેવાસેતુમાં સ્વરોજગારની યોજનાઓ સાંકળવામાં આવી**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તેનો ત્રીજા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ તા. ૨૧મીના રોજ વોર્ડ નં. ૨ અને વોર્ડ નં. ૩ માટે સે. ૨૨ના નવરાત્રીચોક, રંગમંચ પાછળ યોજાશે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નવેમ્બર માસમાં પ્રથમ સેવા સેતુ કાર્યક્રમ ૪ વોર્ડ માટે યોજવામાં આવેલ જેને લઈ ઉચ્ચ કક્ષાએથી નારાજગી વ્યક્ત થતાં બે-બે વોર્ડના સેવાસેતુ કાર્યક્રમ યોજવાનો નિર્ણય લેવાયો હતો.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તેના ત્રીજો સેવા સેતુ કાર્યક્રમમાં વધુ ૫ સેવાઓ ઉમેરવામાં આવી છે. જેમાં બાજપાઈ બેંકબલ યોજના, પ્રધાનમંત્રી જનધન યોજના, બેંકો દ્વારા ડીઝીટલ લોકરની માહિતીનો સમાવેશ થાય છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૨ અને ૩ના તમામ નાગરીકોને આ સેવાસેતુ કાર્યક્રમમાં સહભાગી થવા અપીલ

● અનુસંધાન પાન-૭ પર

# ત્રિદિવસીય ગુણોત્સવ સંપન્ન થતાં શિક્ષણતંત્રએ હાશકારો અનુભવ્યો

**જિલ્લાના સવા લાખથી વધુ બાળકોનું મૂલ્યાંકન થયુ : ૨૨૫ શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકન તો ૪૫૭માં સ્વમૂલ્યાંકન થયું**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાની ૨૨૫



શાળાઓનું બાહ્ય મૂલ્યાંકન અને ૪૫૭ શાળાઓના સ્વમૂલ્યાંકન સાથે આજે ત્રિદિવસીય ગુણોત્સવ સંપન્ન થયેલ છે. ગુણોત્સવ સંપન્ન થતાં જ તંત્રે હાશકારો અનુભવ્યો છે.

આ ત્રિદિવસીય ગુણોત્સવમાં ૧૫૬ શિક્ષકો ગેરહાજર જણાયા હતા જ્યારે ૨૪૬૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જિલ્લાના ૧,૨૫,૧૦૨ બાળકોનું આ ગુણોત્સવમાં મૂલ્યાંકન કરવામાં આવ્યુ છે.

ગુણોત્સવના આજના અંતિમ દિવસે સફાઈ કામદાર વિકાસ નિગમના ચેરમેન દર્શનાબેન વાઘેલા તથા નાયબ નિયામક દર્શનાબેન જોશી માણસા તાલુકામાં જોડાયા હતા.

ગુણોત્સવમાં આ વખતે સારૂ પરિણામ આવવાની આશા શિક્ષણ સમિતિના સૂત્રો રાખી રહ્યા છે. ગુણોત્સવ પૂર્વે ગુણાત્મક સુધાર અન્વયે બાળકોને ઓ.એમ.આર. શીટ સાથે કરાવાયેલી પ્રેક્ટીસ

● અનુસંધાન પાન-૭ પર


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500® TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com